# વડોદરા મહાનગર પાલિકા

## જાહેરનામું

ભારત સરકાર દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૯ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ રૂલ્સની કલમ ૪(૮) મુજબ તમામ હોટેલ, રેસ્ટોરેન્ટ દ્વારા સુકો કચરો તથા ભીના કચરાનું વર્ગીકરણ કરવાનું તથા ભીના કચરાને તેમની જગ્યામાં કમ્પોસ્ટીંગ અથવા બાયોમિથેનેશન પદ્ધતિથી નિકાલ કરવા તથા સુકા કચરાને અર્બન લોકલ બોડી સુચવે તે એજન્સીને આપવાનું જણાવવામાં આવેલ છે.

આથી હું અજય ભાદુ(*IAS*), મ્યુનિસિપલ કમિશનર, વડોદરા મહાનગરપાલિકા જણાવું છું કે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૯ અંતર્ગત વડોદરા શહેરમાં આવેલ અને દૈનીક ૧૦૦ કી.ગ્રા. થી વધુ ઉત્પન્ન કરતી હોટલો, રેસ્ટોરેન્ટો, હોસ્પિટલો, પાર્ટી પ્લોટો, યુનિવર્સીટી, સ્કુલો, કોલેજોએ તેમની જગ્યામાં ભીનો કચરો અને સુકા કચરાને અલગ-અલગ વર્ગીકૃત કરવા તથા ભીના કચરાને કમ્પોસ્ટીંગ અથવા બાયોમિથેનેશન પદ્ધતિ દ્વારા દિવસ-30 માં નિકાલ કરવાનું તથા વડોદરા મહાનગરપાલિકામાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવે છે. અન્યથા સંબંધીતો સામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૯ તથા ધી જી.પી.એમ.સી. એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

P.R.O No. 533/2018-19 **મ્યુનિસિપલ કમિશનર**